આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૬૪ | ૫ ડિસેમ્બર, ૨૦૧૩, ગુરૂવાર; માગશર સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જીંદગી જીવી જવાની લ્હાયમાં, આપણે કૂદી રહ્યાં છે ખાઇમાં, રામ-રાવણની જરૂરત ક્યાં હવે, સંપ ના દેખાય ભાઇ-ભાઇમાં

- સુરેશ દલાલ

## રિસર્વે બાદ ૨૫ ગામોના નવા નકશા તૈયાર

**૪ ગામોના નકશા માટેનું જાહેરનામુ પ્રસિદ્ધ : ૩૯ ગામોની પ્રમોલગેશન માટેની તૈયારીઓ તેના આખરી તબક્કામાં**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં ૨૫ ગામોની હદના નવા નકશા તંત્ર દ્વારા આખરી કરી દેવામાં આવ્યા છે. તેમજ આગામી એક માસમાં વધુ ૩૯ ગામોના પણ નવા નકશાઓ તૈયાર થઈ જશે. જે પૈકી ૪ ગામોના વાંધા-સુચનો માટેનું જાહેરનામુ પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં રિસર્વેમાં માપણીની કામગીરી સંપન્ન થઈ ગયા બાદ હવે ગામોના નવા નકશા તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ માટે ૭/૧૨ના ઉતારા પણ નવેસરથી ખેડૂત ખાતેદારના ફોટોગ્રાફસ સાથે તૈયાર કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે પ્રમોલગેશનને અંતે જે ગામોને આખરી કરી દેવામાં આવ્યા છે તેમાં ગાંધીનગર તાલુકાના ૧, દહેગામના ૧૭, માણસાના ૩ અને કલોલના ૪ ગામનો સમાવેશ થાય છે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૪ ગામોનું જાહેરનામુ પ્રસિદ્ધ થઈ ચુક્યુ છે તેમાં ગાંધીનગર-૧, દહેગામ-૨ અને કલોલના ૨ ગામોનો સમાવેશ થાય છે.

જમીન માપણી પછી દરેક ગામની સ્થિતિ અંગેના રેકર્ડનું મેળવણુ કરવાની કામગીરી તંત્ર દ્વારા મિશન મોડ તરીકે હાથ પર લેવામાં આવી છે. આ મેળવણા બાદ ગ્રામ્યકક્ષાએ પહેલાં વાંધા-સૂચનો મેળવી નિકાલ કરવામાં આવે છે આ પછી મામલતદાર દ્વારા તે આખરી કરતાં પહેલાં વધુ એક તક ગ્રામજનોને આપવામાં આવે છે.

રેકર્ડ સાથે મેળવણુ કરી વાંધા-સૂચનો સાથે ફેરફારની નોંધ સાથે આ કામગીરી કરવામાં આવી રહી હોવાથી થોડીક ધીમી કામગીરી ચાલી રહી હોવાનો આડકતરો એકરાર કરતાં તંત્રના અધિકારીઓએ જણાવ્યું છે કે ૧૦૦ વર્ષ બાદ આ માપણી થઈ હોવાથી વિવાદો વધારે હોય તે સ્વાભાવિક છે પણ તંત્ર આ કામગીરી તેની નિયત સમય-મર્યાદામાં સંપન્ન થાય તે માટે કટિબદ્ધ છે.

જે ૩૯ ગામોના પ્રમોલગેશન માટેની કાર્યવાહી ચાલી રહી છે તેમાં ગાંધીનગરના ૯, દહેગામના ૨૮, માણસા અને કલોલના ૧-૧ ગામનો સમાવેશ થાય છે.

તંત્રના અધિકારીઓનો દાવો છે કે માર્ચ-૨૦૧૪ સુધીમાં આ કામગીરી પૂર્ણ કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. આ કામગીરીને અંતે ઘણી બધી બાબતો સ્પષ્ટ થઈ જશે તેમાં કયા ગામમાં દબાણો, કેટલી સરકારી જમીનની ઉપલબ્ધિ, કયા ગામમાં કેટલા ખેડૂત ખાતેદારો, કેટલા સર્વે નંબરો કયા ગામમાં કેટલો વિકાસ અને ફેરફારો નોંધાયા તે બધી હકીકત સામે આવશે.









ખેલ મહાકુંભમાં વિશિષ્ટ બાળકો - ગાંધીનગર મહાનગર ખેલ મહાકુંભ અન્વયે વિશિષ્ટ બાળકોની રમત સ્પર્ધાઓ યોજાઈ હતી... અંધશાળા ખાતે યોજાયેલ વિવિધ સ્પર્ધાઓમાં ગાંધીનગરની મુકબધિર શાળા ઉપરાંત અન્ય વિશિષ્ટ બાળકોની સંસ્થાઓ જોડાઈ હતી. બરછી ફેંક, લાંબો કુદકો અને દોડ જેવી રોમાંચક સ્પર્ધાઓમાં ખૂબ ઉત્તેજના પૂર્વક અને ઉત્સાહ પૂર્વક બાળકોએ ભાગ લીધો હતો. વિશિષ્ટ બાળકોની આંતરિક શક્તિને બિરદાવવા પ્રોત્સાહક માહોલ સર્જાયો હતો. (તસવીર : દિપક જાની)

## આસારામની જામીન અરજી ખારીજ

**ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં કરાયેલ જામીન અરજીને મુખ્ય ન્યાયમૂર્તિ જી. કે. ઉપાધ્યાયે નામંજુર કરવા હુકમ કર્યો**



ગાંધીનગર, તા. ૪

સુરતની યુવતિના યૌન શોષણ કેસમાં ઝડપાયેલા આસારામની જામીન અરજી કોર્ટે ખારીજ કરી દીધી છે. ગત સોમવારે બન્ને પક્ષકારોની દલીલોના અંતે કોર્ટે જામીન અરજી સંદર્ભે ૪ ડીસેમ્બરે ચુકાદો મુલ્તવી રાખ્યો હતો. ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ કોર્ટે આજે આસારામની જામીન અરજી નામંજૂર કરવાનો હૂકમ કર્યો છે.

સુરતની યુવતિના યૌનશોષણ કેસમાં સંડોવાયેલા આસારામને જામીન અરજી કોર્ટે ફરી એકવાર નામંજૂર કરી દીધી છે. અગાઉ આસારામની રેગ્યુલર જામીન અરજી નામંજૂર થયા બાદ તેમના વકીલ મારફતે ગાંધીનગરની ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં જામીન અરજી રજૂ કરવામાં આવી હતી. જામીન અરજી અન્વયે ગત તા. ૨ ડિસેમ્બરના રોજ બન્ને પક્ષકારોએ કોર્ટ સમક્ષ દલીલો રજૂ કરી હતી. જેમાં આસારામના વકીલ બી.એમ. ગુપ્તાએ પ્રેક્ટીકલ ઈન્વેસ્ટીગેશન પૂર્ણ થઈ ગયું હોવા ઉપરાંત મજબૂત મેડીકલ પુરાવાઓ પણ રજૂ ન થયા હોવાનું જણાવી આસારામની જામીન અરજી ગ્રાહ્ય રાખવા કોર્ટ સમક્ષ રજૂઆતમાં જણાવ્યું હતું. આ મામલે ગત સોમવારે બન્ને પક્ષકારોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે તા. ૪ ડીસેમ્બરના રોજ જામીન અરજી સંદર્ભે ચુકાદો આપવા નિર્ણય કર્યો હતો. જે અન્વયે ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ જી.કે. ઉપાધ્યાયે આસારામની જામીન અરજી નામંજૂર કરી છે.

## ક-૭ ટાટા ચોકડી નજીક ટ્રકે કાર પર પલ્ટી ખાધી





(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના ટાટા-ચોકડી પાસે રાંધેજા તરફ જતા માર્ગ પર એક ટ્રક અચાનક પાસેથી પસાર થતી નાની કાર પર પલ્ટી ગઈ હતી. આથી કાર સાવ ચગદાઈ ગઈ હતી. જેથી ગંભીર અકસ્માત થયો હતો. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી ન હતી.

મળેલી માહિતી અનુસાર ગાંધીનગર-રાંધેજા માર્ગ પર એક તરફના માર્ગનું સમારકામ ચાલી રહ્યું છે. આથી તંત્રએ બે માર્ગ પૈકી એક માર્ગ બંધ કરી સંપૂર્ણ વાહન વ્યવહાર એક તરફ કરવામાં આવ્યો હતો. દરમિયાન આ માર્ગ પરથી ભુસી ભરેલી ટ્રક નં. જીજે-૯-ટી-૭૦૪૧ પસાર થઈ રહી હતી અને પાસેથી એક અલ્ટો કાર નં. જીજે-૧૮ એબી-૪૭૩ પણ પસાર થઈ રહી હતી. ત્યારે અચાનક જ ભુસૂ ભરેલી ટ્રક એક તરફ નમી જતા અલ્ટોકાર પર પલ્ટી ગઈ હતી. જેથી કાર સંપૂર્ણ પણે ચગદાઈ ગઈ હતી જો કો સમયસૂચકતાની સાથે કારમાં સવાર મુસાફરો તુરંત બહાર નીકળી જતા તેમનો આ અકસ્માતમાં આબાદ બચાવ થયો હતો. આ ગંભીર અકસ્માતમાં કોઈને પણ જાનહાની થવા પામી ન હતી. પરંતુ અડધો કલાક સુધી ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. આ અકસ્માત અંગે હજુ સુધી કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ ન હતી.

## આખરે નારાયણ સાંઈ ઝડપાયા

**છેલ્લા ૫૮ દિવસથી નારાયણ સાંઈ ફરાર હતો : વિવાદાસ્પદ આસારામ બાપુ બાદ હવે નારાયણ સાંઈ પણ સકંજામાં : દિલ્હી-ગુજરાત પોલીસના સંયુક્ત ઓપરેશનમાં અંતે ઝડપાયો: પંજાબી વેશમાં હતો**

નવી દિલ્હી-અમદાવાદ,તા. ૪

સુરતમાં બળાત્કારના કેસમાં વોન્ટેડ રહેલા અને છેલ્લા ઘણા સમયથી ફરાર વિવાદાસ્પદ આસારામના પુત્ર નારાયણ સાંઈની આજે દિલ્હી-હરિયાણા સરહદ પરથી ધરપકડ કરી લેવામાં આવી હતી. આની સાથે જ છેલ્લા ઘણા દિવસથીચાલી રહેલા સસ્પેન્સનો અંત આવ્યો હતો. નારાયણ સાંઈએ કુરુક્ષેત્રની નજીક પીપલીથી પકડી પાડવામાં આવ્યો હતો. નારાયણ સાંઈ પાડવા ગુજરાત, પંજાબ અને દિલ્હી પોલીસ એક સાથે જોડાઈ હતી. સુરતમાં કમિશ્નર રાકેશ અસ્થાનાએ માહિતી આપતા કહ્યુ હતુ કે પીપલી નજીક તેને પકડી પાડવામાં આવ્યો છે. નારાયણ સાંઈએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો પંરતુ તે ઝડપાઈ ગયો હતો. ટ્રાન્જિસ્ટ રિમાન્ડ બાદ તેને સુરત લાવવામાં આવશે. દિલ્હી અને ગુજરાત પોલીસના સંયુક્ત

ઓપરેશનના ભાગરૂપે નારાયણ સાંઈ ઝડપાઈ



ધરપકડને ટાળવા માટે ઘણા પ્રયાસ કરી રહ્યો હતો અને હાલમાં ફરાર હતો. છેલ્લા ૫૮ દિવસથી ફરાર રહેલા આસારામના પુત્ર નારાયણ સાંઈની ધરપકડ કરી લેવામાં આવ્યા બાદ હવે તેના ઉપર સકંજો વધુ મજબૂત કરવામાં આવે તેવી શક્યતા છે. સાંઈને પકડી ગયો હતો. સુરત પોલીસે વિવાદાસ્પદ આસારામ અને તેમના પુત્ર નારાયણ સાંઈ સામે બળાત્કાર, જાતિય સતામણી અને ગેરકાયદે ગોધી રાખવાના મામલામાં બે ફરિયાદ દાખલ કરી હતી. છઠ્ઠી ઓક્ટોબરના દિવસે

● અનુસંધાન પાન-૭ પર

## આકસ્મિક અવસાનથી સહાયમાં પંચાયત વધારો કરવા વિચારે છે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા પંચાયત કર્મચારીના ફરજ દરમ્યાન થતા અવસાન બાદ અપાતી સહાયની રકમમાં રૂ. ૩૦ હજારનો વધારો કરવાની દરખાસ્ત પર વિચારણા ચાલી રહી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કર્મચારીના અવસાનને લઈ રૂ. ૨૦ હજારની સહાય ચૂકવવામાં આવી રહી છે. આ સહાયમાં રૂ. ૩૦ હજારનો વધારો કરી તે સહાય રૂ. ૫૦ હજાર કરવાની બાબત સત્તાધીશોની વિચારણામાં છે.

મળતી વિગતો મુજબ તંત્ર દ્વારા આ જોગવાઈ પર અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવશે. આ માટે કર્મચારી સંગઠ્ઠનોએ કરેલી રજુઆત બાદ સત્તાધીશોએ સમગ્ર મામલો વિચારણામાં લીધો છે.

## ન્યુ સાઉથ વેલ્સના પ્રિમીઅરની મુખ્યમંત્રી મોદીની સાથે બેઠક

**ન્યુ સાઉથ વેલ્સ ગુજરાત રાજ્યના વિકાસમાં સહભાગીતા વિકસાવી સંબંધને વધુ સુદ્રઢ બનાવાશે: પ્રિમીઅરનો મત**

ગાંધીનગર, તા. ૪

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સૌજન્ય મુલાકાત આજે ઓસ્ટ્રેલિયાના ન્યુ સાઉથ વેલ્સના પ્રિમીઅર શ્રીયુત બેરી ઓફેરલ નેતૃત્વમાં આવેલા ૧૦ સભ્યોના ડેલીગેશને લીધી હતી અને ઓસ્ટ્રેલિયા તથા ગુજરાત વચ્ચે સહભાગીતાના વિવિધ નૂતન ક્ષેત્રો વિકસાવવા ફળદાયી પરામર્શ કર્યોહતો.

એનએસડબલ્યુના પ્રિમીઅર ભારતની ત્રીજી સત્તાવાર મુલાકાતે આવેલા છે અને ગુજરાતના મુખ્ય મંત્રી સાથે યોજાયેલી બેઠકમાં રાજ્યના વિકાસમાં ભાગીદાર બનીને પારસ્પરિક સંબંધો વધુ સુદૃઢ બનવાની તત્પરતા વ્યક્ત કરી હતી. ગુજરાત સરકારના વરિષ્ઠ સચિવની ઉપસ્થિતિમાં એનએસડબલ્યુના પ્રિમીઅર અને ડેલીગેશન સાથે બેઠકમાં મુખ્યમંત્રીએ ઓસ્ટ્રેલિયા અને એનએસડબલ્યુના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને ટેકનોલોજી ટ્રાન્સફર તેમજ યુનિવર્સિટી શિક્ષણના ક્ષેત્રોમાં ગુજરાતમાં સહયોગ લેવાની ભૂમિકા આપી હતી. આ બેઠકમાં એનએસડબલ્યુના પ્રિમીઅરે ગુજરાતમાં ૧૦ શહેરોમાં ક્લીન ટેકનોલોજી, એપ્લીકેશન, એસઆઈઆરમાં વોટર મેનેજમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટીએએફઈ સાથે સ્કીલ ડેવલપમેન્ટના ડ્યુએલ ડિપ્લોમા કોર્સીસ તેમજ યોગા યુનિવર્સિટી તથા સ્પોર્ટસ યુનિવર્સિટીમાં ટાઈ-અપ પાર્ટનરશીપ વિકસાવવા રૂફટોપ સોલર ટેકનોલોજી દ્વારા રીન્યુએબલ એનર્જી સેક્ટરમાં ભાગીદારી કરવા માટે ગુજરાત સરકાર સાથે પરામર્શ કર્યો હતો.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અર્ણી

93 761 80003
93 288 9 3535
89 80 10 1515

REQUIRED

International call center require Male/Female having english communication skill and willing to work at night shift for legal processes at gandhinagar infocity. Excellent salary, Incentive, Pickup/Drop, Dinner. Rush with resume 4 pm onwards at 204-A, I T Tower - 1, Infocity, Gandhinagar.

M. : 9712774898

ધી બાલાજી

પાર્સલ ચૂના માટે મળો

મો. ૯૨૭૬૮૪૩૯૩૧
મો. ૯૯૦૪૧૦૪૮૩૩

KSB
German Technology
● Submersible Pump
● Monosub Pump
KSB Authorised Dealer
GOODLUCK MARKETING (P) LTD.
Ashram Road, Ahmedabad-380 009
Ph : (079) 26582708, 26587373
(M) 9879150442, 9879106511
Email : goodluckmkt2@gmail.com

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર

WORLD BIG Cinemas




R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj
Bullett Raja (U/A) - 10.00 am, 1.00, 4.00, 7.00 & 10.00 pm
Ram Leela (U/A) - 10.15 am, 1.15, 4.15, 7.15 & 10.15 pm
*schedule subject to change
telebooking 09377458281/09377458431
www.bigcinemas.com
facebook.com/BigCinemasIndia